| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૬/૧૦/૨૦૨૨ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૫૮/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૧ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૧ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯ | ૪,૧૦,૩૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-          સમાચાર યાદી નં.૧૮૫૯/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૩ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૪,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-          સમાચાર યાદી નં.૧૮૬૦/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યકિતઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-          સમાચાર યાદી નં.૧૮૬૧/૨૦૨૨

**સેટેલાઈટઃ** કલ્યાણીબહેન વા/ઓ શશાંક ટાટુ (ઉ.વ.૬૨) (રહે. આકાશદિપ ડુપ્લેક્ષ શ્રેયસ ક્રોસીંગ પાસે આંબાવાડી) એ તા.૧૫/૧૦/૨૦૨૨ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રોનકભાઈ નટવરલાલ પટેલ (રહે. રામેશ્વર એપાર્ટમેન્ટ પાણીની ટાંકી પાસે પટેલ નાકાવાસ થલતેજ) એ સિંગાપુર ખાતેની ટીકીટ, વીઝા, હોટલ ખર્ચ તેમજ બિઝનેશ અપાવવાનો વિશ્વાસ આપી કલ્યાણીબહેન ટાટુ પાસેથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**કારંજઃ** જ્યોત્સનાબહેન ડો/ઓ ચિમનલાલ ઠક્કર (ઉ.વ.૬૯) (રહે. ધર્મદાસની ખડકી વાલાભાઈની ખડકી સામે ગામ-તારાપુર તા-તારાપુર જી-આણંદ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એક સ્ત્રીએ વિધવા સહાય અપાવવાની વાત કરી જયોત્સનાબહેનને તારાપુર તેમના ઘરેથી અમદાવાદ લઈ આવી તા.૧૫/૧૦/૨૦૨૨ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે લાલદરવાજા ભદ્રકાળી મંદીર સામે આવેલ શૌચાલયમાં લઈ જઈ “સાહેબને સોનાની બંગડીનુ વજન જણાવવુ પડશે, બંગડીનુ વજન કરાવવુ પડશે” તેમ કહી જયોત્સનાબહેને પહેરેલ સોનાની બંગડીઓ નંગ-૪ કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- કઢાવી લઈ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.માલકીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૨/૨૦૨૨**

**સરખેજઃ** કુશભાઇ રમેશચંદ્ર મહેતા (રહે. કે.એસ.પી.લેન્ડમાર્ક ફ્લેટ સ્વસ્તીક સોસાયટી સ્પર્શ હોસ્પીટલ બાજુમાં નવરંગપુરા) એ તા.૧૫/૧૦/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૩/૧૦/૨૦૨૨ કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાણંદ સર્કલ મિલન હોટલની બાજુમાં ગજાનંદ કોમ્પલેક્ષના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે પોતાની કૈલાસ ટાયર નામની દુકાન નંબર-૬ નું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી સામાન કિંમત રૂપિયા ૧,૪૨,૧૬૫/- મતાનો ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**ગોમતીપુરઃ** નરેશભાઇ રણછોડલાલ ગાંધી (રહે. રવિનંદન સોસાયટી કેનાલ પાસે જશોદાનગર ચોકડી વટવા) એ તા.૧૫/૧૦/૨૦૨૨ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૨ રાતના ૯/30 થી તા.૧૪/૧૦/૨૦૨૨ કલાક ૧૦/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગોમતીપુર કામદાર મેદાન વોરાની ચાલીમાં "યશવંત બીડી" નામના પ્રોવિઝન સ્ટોર સામે આવેલ દુકાનની દિવાલના છતના ભાગે આવેલ પતરું ખોલી નરેશભાઈ ગાંધીની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનના કાઉન્ટરના ખાના માંથી રોકડ રૂપિયા ૭૪,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.કે.અલગોતર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૩/૨૦૨૨**

**વાસણાઃ** હસમુખભાઇ બાલચંદભાઇ શાહ (ઉ.વ.૫૪) (રહે. સુવિધી એપાર્ટમેન્ટ માધુભાઇના પેટ્રોલપંપની પાસે જીવરાજપાર્ક વાસણા) એ તા.૧૫/૧૦/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૨ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે વાસણા ગુપ્તાનગર મુરલીધરવાળી ગલીમા વર્ધમાન જ્વેલર્સ નામની દુકાનમાં આવેલ બે પુરૂષ હસમુખભાઇ શાહની નજર ચુકવી દુકાનમાંથી સોનાની ચેઇન નંગ-૮ કિંમત રૂપિયા ૨,૫૩,૪૭૫/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.મકરાણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૪/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** હર્ષિધ્ધ ઉર્ફે હાર્દિક સ/ઓ ગીરીશભાઇ પરમાર (ઉ.વ.૧૭) (રહે. પારસીની ચાલી મહાકાળી મંદિર પાસે, ગીરધરનગર શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૨ કલાક ૧૨/30 વાગ્યા પહેલા એલિસબ્રિજ પાસે રિવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશકુમાર દુરબીનસિંહ ચલાવે છે.

**રાણીપઃ** જ્યોત્સનાબહેન વા/ઓ કમલેશભાઇ રાઠોડ (ઉ.વ.૨૯) (રહે. હનુમાનનગરની ચાલી, પી એન્ડ ટી કોલોની બાજુમાં રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૨ રાતના ૯/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નટુભાઇ દેવાભાઇ ચલાવે છે.

**શહેરકોટડાઃ** અંજનાબહેન નિલેશભાઇ વોરા (ઉ.વ.૩૦) (રહે. મહાદેવ નિવાસ કાલુપુરબ્રિજ નીચે અમદુપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૨ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “ડી” ડીવીઝન ચલાવે છે.

**રખિયાલઃ** રખિયાલ અજીતમીલ ચાર રસ્તા અજીતમીલ કોમ્પલેક્ષ ભોયરામાં રહેતા તીલોક પુનમસિહ રાજપુત (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ લખધરા તા.ભીમ જિ.રાજસંસદ થાણા.ભીમ રાજસ્થાન) એ બિમારીથી કંટાળી તા.૧૪/૧૦/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સુનીલકુમાર રૂપાજી ચલાવે છે.

**અમરાઇવાડીઃ** હર્ષદ સ/ઓ ગણેશભાઇ ચાવડા (ઉ.વ.૧૭) (રહે. સિધ્ધેશ્વરીનગર ઉત્કર્ષ સ્કુલની બાજુમાં પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આર.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી